# રાજ્યમાં આજે કોરોનાના માત્ર ૪૯૦ કેસ

## રાજ્યમાં ૨૪ કલાકમાં ૬ વ્યક્તિના મોત : અત્યાર સુધી ૭,૯૯,૦૧૨ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે : ૨,૯૪,૫૮૩ વ્યક્તિઓનું રસીકરણ કરાયું

ગાંધીનગર, તા.૧૨ રાજ્યમાં કોરોના ફરી એકવાર કાબુમાં આવી રહ્યો છે. સેકન્ડવેવમાં રાજ્યની કમર ભાંગી નાખ્યા બાદ કોરોના હવે સંપુર્ણ કાબુમાં આવી ચુક્યો છે.

રાજ્યમાં સાંજે ૨,૯૪,૫૮૩ વ્યક્તિઓનું રસીકરણ કરવામાં આવ્યું છે. રાજ્યમાં કોરોનાથી સાજા થવાનાં દરમાં સતત વધારો થઈ રહ્યો છે. રાજ્યમાં દર્દીઓનાં સાજા થવાનો દર ૯૭.૪૬ ટકાએ પહોંચ્યો છે. રાજ્યમાં આજે કોરોનાના માત્ર ૪૯૦ કેસ જ નોંધાયા હતા. તો બીજી તરફ ૧૨૭૮ દર્દીઓ સાજા થયા હતા. અત્યાર સુધી ૭,૯૯,૦૧૨ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે. રાજ્યમાં એક્ટિવ દર્દીઓની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૧૦૮૬૩ એક્ટિવ કેસ છે. જે પૈકી ૨૭૨ વેન્ટિલેટર પર છે. ૧૦૫૯૧ દર્દીઓ સ્ટેબલ છે. ૭,૯૯,૦૧૨ દર્દીઓ ડિસ્ચાર્જ થઈ ચુક્યા છે. આજે કોરોનાને કારણે કુલ ૬ લોકોનાં મોત જ્યારે કોરોનાને કારણે ગુજરાતમાં કુલ ૯૯૯૧ લોકોનાં મોત નિપજ્યાં છે.

રસીકરણની વાત કરીએ તો ફ્ન્ટલાઈન વર્કર્સ પૈકી ૧૬૫૯ને પ્રથમ અને ૩૪૪૫ નાગરિકોને બીજો ડોઝ અપાયો છે. જ્યારે ૪૫થી વધારે ઉંમરનાં ૪૪૩૦૨ નાગરિકોને પ્રથમ ડોઝ અને ૨૪૯૫૩ લોકોને બીજો ડોઝ અપાઈ ચુક્યો છે. ૧૮-૪૫ વર્ષનાં નાગરિકો પૈકી ૨૦૯૧૭૧ ને પ્રથમ ડોઝ જ્યારે ૧૧૦૫૩ને બીજો ડોઝ અપાઈ ચુક્યો છે. ગુજરાતના મોટા શહેરોમાં કોરોનાના કેસોની સ્થિતિ પર નજર કરીએ તો છેલ્લા ૨૪ કલાકમાં અમદાવાદમાં ૬૨, સુરતમાં ૭૪, વડોદરામાં ૪૪, રાજકોટમાં ૨૨ નવા કેસો નોંધાયા છે.

### બનાસકાંઠામાં માત્ર ૦૪ કેસ નોંધાયા : ૦૧નું મોત

સરહદી બનાસકાંઠા જિલ્લામાં આજે ત્રેપનમાં દિવસે કોરોના તેના અંત ભણી આગળ વધતા માત્ર ૦૪ કેસ નોંધાયા હોવાની સાથે ૦૧નું મોત અને ૧૧ લોકો સાજા થયા હોવાનું આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું. સરહદી બનાસકાંઠા જિલ્લામાં બેકાબૂ બનેલો કોરોના આજે ત્રેપનમાં દિવસે તેના અંત ભણી આગળ વધતા સિંગલ ફિગરમાં આવી જતા માત્ર ૦૪ કેસ નોંધાયા હતા. જેમાં જિલ્લાના વેપારી મથક ડીસામાં ૦૧, ધાનેરા ૦૧, કાંકરેજ ૦૧ અને થરાદમાં ૦૧ કેસ નોંધાયા હોવાનું આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું. જિલ્લામાં આજે ૦૧ નું મોત અને ૧૧ લોકો સ્વસ્થ થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. સરહદી બનાસકાંઠા જિલ્લામાં વિસ્ફોટક બેટિંગ કરતા કોરોનાની રફતાર આજે ત્રેપનમાં દિવસે એકદમ ધીમી રહી હતી. આમ, સરકારી નિયંત્રણો વચ્ચે છેલ્લા ૨૭ દિવસથી ધીમે ધીમે કોરોના સંક્રમણ તેના અંત ભણી આગળ વધી રહ્યું છે.



### ચ-૦ પાસે ડમ્પર ચાલક સીસીટીવી કેમેરાના પોલ સાથે ટકરાયો

શહેરના ગ-૦ થી ચ-૦ તરફ આવી રહેલા ડમ્પર નં. જીજે-૧૮-એયુ-૯૦૯૩ના ચાલક ભાઈલાલભાઈ મંગાભાઈ બજાણીયા (રહે. બાસણ ગામ) એ ડમ્પર ગફલતભરી રીતે હંકારી ડમ્પરની હાઈડ્રોલીક ટ્રોલી ઉપર રાખીને ચ-૦ પાસે સીસીટીવી કેમેરાના લોખંડના પોલ અને આડી ચેનલને ટકકર મારી તોડી નાંખી હતી. આ પોલ પર ત્રણ સીસીટીવી કેમેરા હોવાથી તેને નુકશાન પહોંચ્યું છે. સરકારી મિલકતને રૂ. ૧ લાખનું નુકશાન પહોંચાડનાર ડ્રાઈવર સામે પોલીસે નાઈટ કફર્યુ અને જાહેરનામાના ભંગની ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ત્યારે રાત્રીન સમયે શહેરના માર્ગો પર બેફામ ગતિએ દોડતા ડમ્પર ચાલકો સામે પોલીસે લાલ આંખ કરવાની જરૂર છે.

# બનાસકાંઠાની ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓમાં ખાલી પડેલી ૧૫૦ શિક્ષકોની ભરતી પ્રક્રિયા હાથ ધરાઈ

## શિક્ષણ વિભાગની દસ ટીમ દ્વારા ઉમેદવારોના ડોક્યુમેન્ટ વેરિફિકેશન હાથ ધરાયુ

સરહદી બનાસકાંઠા જિલ્લાની ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓમાં જુદા જુદા વિષયના શિક્ષકોની ખાલી પડેલી બેઠકો ભરવા માટે પસંદગી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. જેમાં હાલ ઉમેદવારોના ડોક્યુમેન્ટનું વેરિફિકેશન હાથ ધરાયુ છે. જે પૂર્ણ થયા બાદ શિક્ષણ વિભાગ દ્વારા મેરીટ તૈયાર કરાશે. જેમાં પસંદગી પામેલ ઉમેદવારો ને સ્થળ પસંદગી કર્યા બાદ નિમણૂક પત્રો આપવામાં આવશે.



રાજ્યમાં બિનસરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયકની જુદા જુદા વિષયની ૨૫૦૦ જેટલી ખાલી પડેલ જગ્યાઓ ભરવા માટે ગુજરાત રાજ્ય શૈક્ષણિક સ્ટાફ ભરતી પસંદગી સમિતિ દ્વારા માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

જેમાં બનાસકાંઠામાં સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક વિભાગમાં જુદા જુદા વિષયની ૧૫૦ જેટલી ખાલી પડેલ જગ્યાઓ ભરવા માટે ટેટપાસ કરેલ ઉમેદવારો ની મેરીટ યાદી પ્રમાણે બનાસકાંઠામા ૭૬૦ ઉમેદવારોના ડોક્યુમેન્ટ વેરિફિકેશનની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.

જેમા બનાસકાંઠા જિલ્લા શિક્ષણ વિભાગની ૧૦ ટીમો દ્વારા ઉમેદવારોના ડોક્યુમેન્ટ વેરિફિકેશન કરવાની ત્રિ- દિવસીય પ્રક્રિયા હાથ ધરાઈ છે. જે ડોક્યુમેન્ટ વેરિફિકેશન પ્રક્રિયા પૂર્ણ થયા બાદ તેનો રિપોટ શૈક્ષણિક સ્ટાફ ભરતી પસંદગી સમિતિને સોંપવામાં આવશે. જે બાદ સમિતિ દ્વારા મેરિટ યાદી તૈયાર કરી મેરીટના આધારે ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે. અને જે-તે જિલ્લામાં ખાલી પડેલ જગ્યાઓ માટે સ્થળ પસંદગી કરી ઉમેદવારોને નિમણૂક પત્રો એનાયત કરવામાં આવશે. જેને લઈ બનાસકાંઠા જિલ્લામાં આવનારા સમયમાં માધ્યમિક શિક્ષકોની ઘટ પુરાઈ જશે.

# બનાસકાંઠા જિલ્લામાંથી પાલનપુરના મોડેલ ગામ તરીકે વેડંચા થઈ પસંદગી

સરકારના સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ગુજરાત સરકારના જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા વેડંચા ગામે મોડેલ ગામ બનાવવા એકશન પ્લાન તૈયાર કરવામાં આવી રહ્યો છે. જેમાં યુનિસેફ અને પ્રાઈમો દ્વારા સર્વે કરી તમામ પ્રકાર ની સુવિધા ઓ માટે નો પ્લાન બનાવી ગામને મોડેલ ગામ તરીકે ડેવલોપ કરવા આવશે. ગુજરાત રાજ્યના ૬ જિલ્લામાંથી બનાસકાંઠા માંથી પાલનપુરના વેડંચા ગામને પસંદ કરવા આવ્યું છે. સ્વચ્છતા સહિત ગામના પ્રાણ પ્રશ્નો અને જરૂરિયાતો ને ધ્યાને લઈ લોકો પાસે સર્વે કરવા માં આવશે અને એ પ્રમાણે એની ગામને ડેવલોપ કરવા ના પ્રયત્ન રાજ્ય સરકાર ના છે (મોડેલ નો મતલબ કે જિલ્લા માં એક એવું ગામ નો વિકાસ કરીને એને બીજા ગામો માટે ઉદાહરણ રૂપે મુકાશે.

# જિલ્લા ભાજપના નવનિયુક્ત જિલ્લા પ્રમુખ અનિલભાઈ પટેલનો લવારપુર ખાતે કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૨ ગાંધીનગર જિલ્લા ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદીમાં જણાવ્યા પ્રમાણે આજે તા. ૧૨ જૂનના રોજ ગાંધીનગર જિલ્લા ભાજપના નવનિયુક્ત જિલ્લા પ્રમુખ શ્રી અનિલભાઈ પટેલનો ગાંધીનગર તાલુકા પરિચય પ્રવાસ અંતર્ગત હોટેલ બ્લુ રોક, લવારપુર ખાતે કાર્યક્રમ યોજાઈ ગયો હતો.

આ કાર્યક્રમમાં ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોર,પૂર્વ ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલ, કોદરભાઈ પટેલ , પ્રદેશ કિશાન મોરચાના મંત્રીશ્રી હિતેન્દ્રભાઈ પટેલ ,જિલ્લા ભાજપના મહામંત્રી શ્રી આઈ બી વાઘેલા ,તાલુકા ભાજપ પ્રમુખ જશુભાઈ પટેલ ,ગાંધીનગર જિલ્લા પંચાયત પ્રમુખ દિલીપભાઈ પટેલ,ગાંધીનગર મહાનગર ભાજપના મહામંત્રીશ્રીઓ તથા ગાંધીનગર તાલુકા ભાજપ સંગઠનના પદાધિકારીઓ જિલ્લા તથા તાલુકા પંચાયતના સભ્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. ગાંધીનગર જિલ્લા ભાજપા અધ્યક્ષશ્રી અનિલભાઈ પટેલે તેના ઉદ્‌બોધનમાં કહ્યું હતું કે ભાજપા એ પંચનિષ્ઠ મૂલ્યોને વરેલી પાર્ટી છે. ભાજપા માટે સતા એ સેવાનું માધ્યમ છે. તેઓએ કહ્યું હતું કે વ્યક્તિ નહિ પરંતુ સંસ્થા હંમેશા મહાન હોય છે. આપણે સૌ કાર્યકર્તાઓ જ છીએ, માત્ર લોકતાંત્રિક વ્યવસ્થાના ભાગરૂપે દાયિત્વ બદલાતા હોય છે.

શ્રી પટેલે પરમ શ્રદ્ધેય શ્રી શ્યામા પ્રસાદ મુખર્જી અને પં. દીનદયાળ ઉપાધ્યાયજીને યાદ કરતા જણાવ્યું હતું કે રાષ્ટ્રવાદના ભાવ સાથે આપણે ગરીબો અને વંચિતોના વિકાસ માટે કટિબદ્ધ બનીએ. આપણે સૌ સામૂહિક પ્રયાસો થકી જ ભાજપાના 'એક ભારત શ્રેષ્ઠ ભારતના' સંકલ્પને ચરિતાર્થ કરી શકીશું.

શ્રી પટેલે કાર્યકર્તાઓને બિરદાવતા કહ્યું હતું કે સમગ્ર ગાંધીનગર જિલ્લામાં કોરોના કાળ દરમ્યાન ભાજપાના પ્રત્યેક કાર્યકર્તાએ કરેલા સેવા કાર્યોના માધ્યમથી સમાજના તમામ વર્ગની મદદ કરી છે. તેઓએ કહ્યું હતું કે કેન્દ્રિય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહ જ્યારે ગાંધીનગર લોકસભા ક્ષેત્રનું સંસદમાં પ્રતિનિધિત્વ કરી રહ્યા હોય ત્યારે આપણી જવાબદારી અનેકગણી વધી જતી હોય છે.

શ્રી પટેલે અંતમાં કહ્યું હતું કે મને સોંપવામાં આવેલ જવાબદારી માટે હું ગુજરાત અને કેન્દ્રિય ભાજપાના શીર્ષસ્થ નેતૃત્વ પ્રત્યે આભારની લાગણી વ્યકત કરું છું. કેન્દ્રમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને રાજયમાં મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલના વડપણ હેઠળની ભાજપા સરકારો દેશના વિકાસ અને ગરીબો, વંચિતો, શ્રમજીવીઓના જીવનને સુવિધાયુક્ત બનાવવા દિન રાત પ્રયાસો કરી રહ્યા છે. આપણે સૌ સરકારની જુદી જુદી યોજનાઓ થકી પ્રત્યેક નાગરિકના જીવનમાં આમૂલ પરિવર્તન માટે પ્રતિજ્ઞાબધ્ધ થઈએ.



### પાલનપુરમાં મોંઘવારી સામે કોંગ્રેસનું વિરોધ પ્રદર્શન

કોરોનાના કહેર વચ્ચે એકબાજુ ધંધા રોજગાર પડી ભાંગ્યા છે. બીજી બાજુ મોંઘવારીએ માઝા મૂકી છે. ત્યારે પાલનપુર ખાતે ભાજપના રાજમાં મોંઘવારી સામે વિરોધ પ્રદર્શન કરવા જઈ રહેલા કોંગ્રેસી આગેવાનોની અટકાયત કરાઈ હતી. બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા આજે પાલનપુરનગુરુનાનક ચોક ખાતે ભાજપના રાજમાં વધતી જતી મોંઘવારી સામે વિરોધ પ્રદર્શન યોજાયું હતું. જોકે, કાર્યક્રમ યોજવા જતા જ પોલીસ દ્વારા કોંગ્રેસના ૪ ધારાસભ્યો સહિત ચાલીસેક કાર્યકરોની પોલીસે બળજબરીપૂર્વક અટકાયત કરતા મામલો ગરમાયો હતો. રાજાશાહી કરતા પણ બદતર શાસન કરતી ભાજપ સરકાર તમામ મોરચે નિષ્ફળ ગઈ હોવાનું જણાવી કોંગ્રેસે સરકારના રાજીનામાંની માંગ કરી હતી. લોકશાહીમાં લોકોના અવાજને દબાવી શકાય નહીં. ત્યારે ભાજપ સરકાર સરકારી મશીનરીઓનો દુરુપયોગ કરી લોકશાહીનું હનન કરી રહી હોવાના આક્ષેપો કોંગ્રેસે કર્યા હતા. કોંગ્રેસના કાર્યકરો અને પોલીસ વચ્ચે ગરમાગરમી વચ્ચે "ભાજપ સરકાર હાય હાય" ના ઉગ્ર સૂત્રોચ્ચાર વચ્ચે વાતાવરણ ઉત્તેજના સભર બની ગયું હતું. પોલીસ ૪ ધારાસભ્યો સહિત કોંગ્રેસી અગ્રણીઓની અટકાયત કરી પોલીસ સ્ટેશને લઈ ગઈ હતી. ત્યારે સરકારના ઈશારે પોલીસની કામગીરી સામે પણ કોંગ્રેસે સવાલ ઉઠાવ્યા હતા.

# ડીસાની રત્નાકર સોસાયટી માંથી બોગસ ડૉકટર ઝડપાયો

ડીસા શહેર દક્ષિણ પોલીસે મળેલ બાતમી આધારે ડીસા ની રત્નાકર સોસાયટી માં એક રહેણાંક મકાન માં. મેડીકલ ડીગ્રી વગર કોરોના માહા મારી વચ્ચે જાહેર જનતાના આરોગ્ય સાથે ચેડા કરતા ''નકલી(બોગસ) ડોકટર'' પોલીસ ના હાથે ઝડપાઈ જતા પોલીસે તેની વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરી હતી.

સરહદી રેન્જ ના પોલીસ મહાનિરીક્ષક જે.આર.મોરથલીયા તથા તરૂણકુમાર દુગ્ગલપોલીસ અધિક્ષક બનાસકાંઠા તથા નાયબ પોલીસ અધિક્ષક ડો.કુશલ આર.ઓઝા ડીસા વિભાગ ડીસા નાઓની સુચના મુજબ બનાસકાંઠા જીલલામાં સામાન્ય પ્રજાના સાથે ચેડા કરતા ''નકલી(બોગસ) ડોકટર'' પર કાયદાકીય કડક હાથે કામ લેવાની સુચના મુજબ સઘન કાર્યવાહી હાથ ધરવામાંઆવી રહી છે જેના ભાગ રૂપે શુક્રવારે ડીસા દક્ષિણ પો.ઈન્સ વાય.એમ.મિશ્રા ડીસા શહેર દક્ષિણ પો.સ્ટે તથા પો.સ.ઈ. એસ.જે. પરમાર, તથા અ.હેડ.કોન્સ. પ્રવિણભાઈ મનાભાઈ જગાણીયા અ.હેડ. કોન્સ. તથા ભુરાભાઈ વજારામભાઈ ચૌધરી તથા અ.પો.કો. રાણાજી દિવાણજી ઠાકોર વિગેરે પોલીસ સ્ટાફ ના માણસો પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન અમોને ખાનગી રાહે બનાસકાંઠાવાળો પોતે ડોકટર નથી તેમ જાણતો હોવા છતા એલોપેથીક દવાઓ વડે તબીબી પ્રેકટીશ કરી



હકીકત મળેલ કે, વિરેન પાર્ક સામે, રત્નાકર સોસાયટી મકાન નં. ૪ માં રહેતા ભાણજીભાઈ દેવરામભાઈ માળી નાઓ કોઈપણ પ્રકારની ડૉકટરની ડિગ્રી વગર પોતાના ઘરે એલોપેથીક દવાઓ રાખી પ્રેક્ટિસ કરે છે.જે હકિકત આધારે સદર જગ્યાએ ભાણજીભાઈ દેવરામભાઈ માળી રહે.ડીસા રત્નાકર સોસાયટી મ.ન.૪ વિરેન પાર્ક સામે તા.ડી.સા જી. ગે.કા ની દવાઓ રાખી પોતે નિષ્ણાત ન હોવા છતા લોકોની સારવાર કરી લોકોના સ્વાસ્થય સાથે ચેડાઓ કરી એલોપેથીક દવાઓ તથા સ્ટેથોસ્કોપ સાથે કિંમત રૂ.૭૧૩૫/-સાથે હાજર મળી આવેલ હોય તેની વિરુદ્ધ ઈ.પી.કો.ક.૪૧૯,૩૩૬ તથા ધી ગુજરાત મેડીકલ પ્રેકટીશનર એક્ટ ૧૯૬૩ ની ક.૩૦,૩૫ મુજબનો ગુનો નોધી ડીસા શહેર દક્ષિણ પો.સ્ટે કાર્યવાહી કરવામાં આવેલ છે.

# કાણોદરમાંથી ૮ જુગારીયા ઝડપાયા

## જુગટુ રમવાની જગ્યા પેટે દૈનિક ૧૦૦૦ ભાડુ વસુલતો ઇસમ પણ સલવાયો



પાલનપુર તાલુકાના કાણોદર ગામમાં બાતમીના આધારે તાલુકા પોલીસે ગત રાત્રે રેડ કરી આઠ જુગારીયાઓને રૂપિયા ૧૫,૦૯૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ વધુ તપાસ હાથ ધરી છે. જોકે, જુગારીયા ઓને જુગાર રમવા માટે રોજના હજાર રૂપિયા ભાડુ વસુલતો ઈસમ પણ પોલીસના સકંજામાં આવી ગયો છે.

પાલનપુર તાલુકાના કાણોદર ગામમાં જુગાર રમાતો હોવાની બાતમીના આધારે પાલનપુર તાલુકા પીએસઆઈ બી. આર. પટેલ સહિતના સ્ટાફે ગત રાત્રે રેડ કરી હતી. જેમાં મુકેશભાઈ રામચંદજી ઠાકોરના રહેણાંક ઘરની પાછળ આવેલા ખુલ્લા આંગણામાં ગંજીપાના વડે હારજીતનો જુગાર રમતાં આઠ જુગારીયાઓને પોલીસે દબોચી લીધા હતા. જેઓની પાસેથી રૂપિયા ૧૫૦૯૦ રોકડા સહિતનો મુદ્દામાલ કબજે કરી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

**જગ્યા ભાડે આપનાર સામે પણ ગુનો નોંધાયો**

કાણોદર ગામમાં જુગાર રમવા માટેની જગ્યા ભાડે આપવા માટે દૈનિક રૂ. ૧૦૦૦ ભાડુ વસુલનારા મુકેશભાઈ રામચંદભાઈ ઠાકોરને પણ કાનૂની સકંજામાં લઈ પાલનપુર તાલુકા પોલીસે જુગારીયા સહિત તમામ સામે ગૂનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**જુગટુ રમતાં ઝડપાયેલા જુગારીયા**

૧. કેતનભાઈ ધનજીભાઈ ઠાકોર ૨. ગૌતમભાઈ ચેલાભાઈ ચાવડા ૩. હર્ષદકુમાર ડાયાભાઈ ભાટીયા ૪. અલીમહંમદ જલુભાઈ મીર ૫. પ્રવીણજી ચમનજી ઠાકોર ૬. આશીષભાઈ દેવરાજભાઈ ચાવડા ૭. રાજનભાઈ ભીખાભાઈ ચાવડા ૮. રોહિતકુમાર ગણેશભાઈ ચાવડા

### જનજીવન ઠપ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ભરાયા છે. મુંબઈ માટે તો દર વર્ષે ચોમાસુ આ પ્રકારની મુસીબત લઈને આવે છે. માત્ર અમુક કલાકના વરસાદથી જ ત્યાંનુ જનજીવન અસ્ત વ્યસ્ત થવા લાગે છે.

હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે ૧૩ અને ૧૪ જૂનના દિવસે મુંબઈ અને તેની આસપાસના વિસ્તારોમાં ભારે વરસાદ થવાની શક્યતા છે. જેની આ વિસ્તારોમાં રેડ એલર્ટ આપવામાં આવ્યું છે. આ સિવાય બીએમસી દ્વારા પણ લોકોને દરિયા નજીક જવાની ના પાડવામાં આવી છે. આ સાથે જ પ્રશાસન અત્યારે એલર્ટ મોડ પર છે. ભારે વરસાદની શક્યતા વચ્ચે એનડીઆરએફની ૧૫ ટીમોને વિવિધ વિસ્તારોમાં તહેનાત કરવામાં આવ્યા છે. આ સાથે બીએમસીએ અત્યારે વિવધ સ્થળે પડેલા વૃક્ષોને દૂર કરવાનું અને જળભરાવને દૂર કરવાનું કામ હાથ ધર્યુ છે.

આ સિવાય રવિવારે રાજ્યના કેટલાક વિસ્તારોમાં ૨૪ કલાકમાં ૨૦૪.૦૫ સુધી વરસાદ પડવાની શક્યતા છે. મંગળવાર સુધીમાં શહેરના કોંકણ વિસ્તારમાં ઓરેન્જ એલર્ટ રહેશે. હવામાન વિભાગ પ્રમાણે શુક્રવારે રાતે ૮:૩૦ સુધી ૨૪ કલાકમાં મુંબઈમાં ૧૦૭ મિમી વરસાદ પડ્યો છે.

### બેઠકો થઈ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પક્ષોના રાજકીય ગતિવિધિ તેજ બની છે. ભાજપ-કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી જે રીતે સક્રિય થઈ રહી છે તે જોતાં આગામી દિવોસમાં રાજકીય સમીકરણોમાં પણ બદલાવ જોવા મળી શકે છે.

બિનસત્તાવાર સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે રાજ્ય મંત્રીમંડળમાં ફેરફારની વાતો પણ પ્રભારી ભૂપેન્દ્ર યાદવ સાથે થઈ છે. જો કે તેમણે આજે બધી બેઠકો બંધ બારણે કરી હતી અને શું થયું તેની વાતો બહાર નથી આવી પરંતુ ગાંધીનગરમાં બની રહેલી બાબતોને રાજકીય વર્તુળો અત્યંત બારીકાઈથી નજર રાખી રહ્યા છે અને રાજકીય પ્રવાહો પણ ઉત્તેજીત બની વહી રહ્યા છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જિન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ